## હરિ નજર ખરી નજર




શ્વેતક્રાંતિના પ્રણેતાને ચાર કરોડ ગુજરાતીઓની હૃદયાંજલી !

### ૧૨મી સુધી રિપોટીંગ કરવાનું રહેશે

## ડીટુડીના બીજા દોરમાં ૧૧૦૮ બેઠક પર પ્રવેશ

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) પ્રવેશ કમિટી દ્વારા ડીપ્લોમાંથી ડીગ્રીની હાથધરાયેલી બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં કુલ ૩૬૬૦માંથી ૧૧૦૮ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને તા.૧૨મી, સપ્ટેમ્બર સુધીમાં રિપોટીંગ કરવાનું રહેશે.

જીટીયુ પ્રવેશ કમિટી દ્વારા ડીપ્લોમાંથી ડિગ્રી (ડીટુડી)ની બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથધરવામાં આવી છે. પ્રવેશ કમિટી દ્વારા હાથધરાયેલી બીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહીમાં કુલ ૧૩૭૭ ફોર્મનું વેચાણ થયું હતું. જેમાંથી ૧૩૨૨નું મેરીટ જાહેર કરાયું હતું. જ્યારે ૧૧૪૦ ચોઇઝ ફિલીંગ કર્યું હતું. જેમાંથી ૧૧૦૮ બેઠકોની ફાળવણી કરવામાં આવી હતી. આ બેઠકો પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને તા. ૧૦, ૧૧ અને ૧૨ સપ્ટેમ્બર સુધીમાં હેલ્પસેન્ટર ખાતે રિપિટીંગ કરવાનું રહેશે. પ્રવેશ કમિટી દ્વારા ૧૨મી સપ્ટેમ્બર પછી ખાલી રહેનાર બેઠકો અંગેનો નિર્ણય લેવામાં આવશે. કમિટીના સૂત્રો કહે છેકે ખાલી બેઠકો માટે ત્રીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથધરવામાં આવશે.

## કુલપતિની ફરિયાદ વિરુદ્ધ તપાસનો આદેશ કરાયો

### કોંગ્રેસી સીન્ડીકેટ સભ્યોએ કુલપતિ પ્રો.આદેશપાલ સામે રાજ્યપાલ સમક્ષ ફરિયાદ કરી હતી : વિવાદ ઘેરો બન્યો

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.આદેશપાલની નિમણૂંક થયા બાદ ભારે વિવાદ સર્જાયો છે. તેમની નિમણૂંક સામે કોંગ્રેસના સીન્ડીકેટ અને સેનેટ સભ્યો નહી પરંતુ ભાજપના પણ કેટલાક હોદ્દેદારો વિરોધ કરી રહ્યા છે. ઉત્તરગુજરાત યુનિવર્સિટી ખાતે પૂર્વ કુલપતિ પ્રો.આદેશપાલ સામે મારામારીની ફરિયાદો થઇ છે. તેની વિગતો ઉપરાંત દારૂની પરમીટ નંબર અને દારૂ પીવાની ટેવ ધરાવતા હોવાની વિગતોની કોંગ્રેસના સીન્ડીકેટ સભ્યોએ રાજ્યપાલ સમક્ષ ફરિયાદ કરી હતી.

રાજ્યપાલે આ ફરિયાદની ગંભીરતા સમજી તેને મુખ્યમંત્રીને મોકલી આપતાં મુખ્યમંત્રીએ પોતાના કાર્યાલયને આ અંગે તપાસ કરવા આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. આદેશપાલની નિમણુંકનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. કુલપતિ પ્રો.આદેશપાલ અગાઉ ઉત્તરગુજરાત યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા હતા. ઉ.ગુ.યુનિ.માં તેમની સામે મારામારીની કેટલીક ફરિયાદો પણ થઇ છે. તેમણે વિદ્યાર્થીની સાથે ભાગીને લગ્ન કરતા ભારે વિવાદ સર્જાયો હતો. આ ઉપરાંત તેમની પાસે દારૂની પરમીટ નંબર પણ છે. એટલું જ નહી તે દરરોજ દારૂ પીવાની ટેવ પણ ધરાવે છે. આ તમામ વિગતો અને પૂરાવવા સાથે સીન્ડીકેટ સભ્ય નરહરી અમીન સહિત સીન્ડીકેટ સભ્યોએ રાજ્યપાલ સમક્ષ રજૂઆત કરી હતી.

સીન્ડીકેટ સભ્ય નરહરી અમીનને આ અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે રાજ્યપાલે આ ફરિયાદને ગંભીરતાથી લઇ તેને મુખ્યમંત્રીને મોકલી આપી છે. મુખ્યમંત્રીએ આ ફરિયાદ અંતર્ગત તપાસ કરી તાત્કાલીક રિપોર્ટ આપવા આદેશ ક્યો છે.

### બંધ ટાગોર હોલ ૧૩મીથી ફરી ખુલશે

અમદાવાદ, તા.૧૦

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ટાગોર હોલની છતમાં ગાબડા પડતાં અને પાણી ટપકતાં રીપેરીંગ માટે હાલમાં તેને બંધ કરવામાં આવ્યો છે. જો કે હવે આગામી તા. ૧૩મીથી ફરીથી હોલ કાર્યક્રમો માટે ખુલ્લો મુકાશે. ત્યાર બાદ આગામી જાન્યુઆરી ૨૦૧૩માં મોટાપાયે ટાગોર હોલનું રીનોવેશન હાથ ધરવામાં આવશે. અંદાજે રૂપિયા પાંચથી છ કરોડના ખર્ચે રીનોવેશન કરાશે અને ચારથી પાંચ મહિના હોલ બંધ રાખવામાં આવશે.

## 'અભિનય સમ્રાટ' ઉપેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી ફિલ્મોના સુવર્ણ યુગનું વર્ણન કર્યું



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે યોજાયેલાં પ્રવચન માળામાં ગુજરાતના સૌ પ્રથમ અને એક માત્ર સુપરસ્ટાર ઉપેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી ફિલ્મોનાં સુવર્ણયુગની રસભરી વાતો અને એમાં ગુજરાતી સાહિત્યકારો અને એમની નવલકથા-વાર્તાનાં યોગદાનની અવનવી અજાણ વાતોથી પ્રેક્ષકોને ૭૦-૮૦ના દાયકામાં ડોકીયું કરાવી દીધું.

પૂર્વ મુખ્ય ઈજનેરશ્રી રમેશભાઈ ડી. પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત સે-૨૧ની લાયબ્રેરીમાં યોજાયેલાં આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકારશ્રી નટવર હેડાઉએ કાર્યક્રમની રૂપરેખા આપી જયારે લોકસાહિત્યમાં અને ફિલ્મી કથા-પટકથામાં ગુજરાતી ફિલ્મોમાં એવોર્ડ મેળવનાર શ્રી દોલત ભટ્ટે ઉપેન્દ્ર ત્રિવેદીનું સ્વાગત કરી એમનો પરિચય આપી ફિલ્મ ક્ષેત્રે અરસ-પરસના યોગદાનની મીઠી સ્મૃતિઓ વાગોળી હતી. અભિનય સમ્રાટે મનનો માણીગર, સંતુ રંગીલી, જીથરો ભાભો સોન કંસારી, મળેલાં જીવ જેવી અગણિત ફિલ્મો અને તેના સાથે સંકળાયેલી અવનવી વાતો, લેખકો, દિગ્દર્શકોની વાતો એના અનોખા અંદાજમાં રજુ કરી પ્રેક્ષકોને ભવ્ય ભૂતકાળની યાદો તાજી કરાવી દીધી... હિન્દુ-ગુજરાતી ફિલમો આજુ-બાજુના થિયેટરોમાં હોય અને ગુજરાતી ફિલ્મ હાઉસફુલ થઈ જાય એ તો હવે ભવ્ય ભૂતકાળ થઈ ગયો છે. ગુજરાતી ફિલ્મોમાં ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની જોડી અને સાથે રમેશ મહેતા એટલે સુપરહીટ ફિલ્મ હોય જ.. ઉપેન્દ્ર ત્રિવેદીએ ઉંમરના તકાદા સાથે ગુજરાતી ફિલ્મો હજી એ એનો પુન:જન્મ થાય એવી અપેક્ષાઓ સેવી હતી.

## ડૉ. વિનુભાઈ પટેલ લિખિત 'નિરોગી શતાય જીવો' પુસ્તકનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ આજે ડૉ. વિનુભાઈ પટેલ લિખિત 'નિરોગી શતાયુ જીવો' પુસ્તકનું લોકાર્પણ કર્યું હતું. સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા રાજભવનમાં આયોજિત 'નિરોગી શતાયુ જીવો' પુસ્તકના લોકાર્પણ સમારોહમાં સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે તે દૃષ્ટિથી તૈયાર કરાયેલ આ પુસ્તક લોકોને ઉપયોગી સિદ્ધ થશે.

તેમણે જણાવ્યું હતું કે આજના સમયની ભાગ-દોડ અને તનાવભરી જીવનશૈલીના કારણે લોહીનું ઉંચુ દબાણ, હૃદય રોગ, મધુ-પ્રમેહ, માનસિક તનાવ જેવા રોગો સમાજમાં સામાન્ય રીતે જોવા મળી રહ્યાં છે. અગાઉના સમયમાં લોકોનું જીવનસાદું, સરળ હતું. આપણા પ્રાચીનતમ ચિકિત્સા શાસ્ત્ર આયુર્વેદમાં જીવન જીવવાનું ઉત્તમ માર્ગદર્શન છે. સ્વસ્થ જીવન જીવવા માટે આપણે આપણી જીવન શૈલી એવી બનાવવી જોઈએ, જે આયુર્વેદ શાસ્ત્રમાં દર્શાવેલ છે.

તેમણે કહ્યું હતું કે દેશમાં સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓની સમૃધ્ધ પરંપરા રહી છે. જરૂરતમંદો અને સમાજના નબળા વર્ગોના લોકો માટે આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે આવા સંગઠનોનું ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે.

રાજયપાલશ્રીએ સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટની આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને ભવિષ્યમાં પણ આ પ્રવૃત્તિઓને વધુ સઘન બનાવી સમાજ સેવાના કાર્યમાં પ્રવૃત્ત રહેશે તેવી તેમણે આશા વ્યકત કરી હતી.

જાણીતા લેખક અને સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે આરોગ્ય ક્ષેત્રે ડૉ. વિનુભાઈ પટેલે જે કાર્ય કર્યું છે તે પ્રેરણાદાયક છે. તેમનું આ પુસ્તક લોકોને સ્વાસ્થ્યની જાળવણી માટે ખૂબ ઉપયોગી થશે તેવી તેમણે આશા વ્યકત કરી હતી.

ડૉ. વિનુભાઈ પટેલે 'નિરોગી શતાયુ જીવો' પુસ્તક તૈયાર કરવાનો ઉદ્દેશ્ય સમજાવ્યો હતો અને આ પુસ્તક લોકોને નીરોગી રહી શતાયુ જીવવાની કલા અંગે માર્ગદર્શન પુરું પાડશે તેમ તેમણે જણાવ્યું હતું. ડૉ. વિનુભાઈ પટેલે સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટની વિવિધ માનવ સેવાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

પ્રારંભમાં ડૉ. આરતીબેન કસ્વેકરે સ્વાગત પ્રવચન કર્યું હતું. પુસ્તકના સંપાદક ડૉ. બેચરભાઈ પટેલે પુસ્તકના વિષય સંદર્ભે માહિતી આપી હતી.

ટ્રસ્ટી ડૉ. આનંદ પી. કસ્વેકરે આભારવિધિ કરી હતી.

## ધોરણ એકમાં ચાલુ વર્ષે ૧૦ હજાર વિદ્યાર્થીઓ ઘટ્યા

### આ વર્ષે ૧૦૧૨૮ કુમાર અને ૧૦૭૩૬ કન્યા મળીને કુલ ૨૦૮૬૪એ પ્રવેશ લીધો

અમદાવાદ, તા.૧૦

મ્યુનિસિપલ સ્કુલ બોર્ડની શાળાઓમાં આ વર્ષે ધો. ૧માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં અંદાજે ૧૦ હજારનો ઘટાડો થયો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ ઉપરાંત સ્કુલ બોર્ડના વિદ્યાર્થીઓને ઘરેથી સ્કુલે લાવવા-મુકવા માટે વગર ટેન્ડરે વાન ભાડે લેવાનું રૂપિયા ૧.૮૬ કરોડનું કૌભાંડ બહાર આવ્યું છે.

મ્યુનિ. સ્કુલ બોર્ડમાં કોંગ્રેસના સભ્ય રમેશ ચૌધરીએ આજે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત વર્ષે સ્કુલ બોર્ડની શાળાઓમાં ધો. ૧માં ૧૫૨૪૭ કુમાર અને ૧૫૦૫૩ કન્યા મળીને કુલ ૩૦,૩૦૦એ પ્રવેશ લીધો હતો. જ્યારે આ વર્ષે ૧૦૧૨૮ કુમાર અને ૧૦૭૩૬ કન્યા મળીને કુલ ૨૦૮૬૪એ પ્રવેશ લીધો છે. એટલે ચાલુ વર્ષે પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં અંદાજે ૧૦ હજારનો ઘટાડો થયો છે.

આ ઉપરાંત ગત વર્ષે સ્કુલ બોર્ડની કુલ ૪૬૪ શાળાઓ હતી જે ચાલુ વર્ષે ઘટીને ૪૫૪ થઇ છે. આમ ૧૦ શાળાઓને અન્ય શાળામાં મર્જ કરી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે ગયા મહિનાથી 'સ્કુલ ચલે હમ' યોજના શરુ કરી દેવામાં આવી છે. આ યોજના હેઠળ સ્કુલ બોર્ડના વિદ્યાર્થીઓને ઘરેથી સ્કુલ લાવવા-મુકવા માટે વગર ટેન્ડરે વાન ભાડે લેવામાં આવી છે. સત્તાધારી ભાજપે પોતાના કાર્યકરોને વગર ટેન્ડરે બાળકોને લાવવા-મુકવાની કામગીરી સોંપી દીધી છે. ગત મહિને ૧૫,૦૦૦ બાળકોનું રૂપિયા ૩૭.૫૦ લાખનું બીલ રજુ કરવામાં આવ્યું હતું.

સ્કુલ બોર્ડને સર્વ શિક્ષા અભિયાન હેઠળ કુલ રૂપિયા ૧.૮૬ કરોડની રકમ મળી છે અને તેમાંથી વાનનો ખર્ચ ચુકવવામાં આવે છે. વાનનો ઓર્ડર સ્કુલ મેનેજમેન્ટ કમિટી દ્વારા લેવામાં આવે છે. કેટલીક સ્કુલો માટે ઓછી વાન છે, રીક્ષા છે અને કોઇ વાહન ન હોવાની વિગતો બહાર આવી છે.

### યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

## સામર્થ્ય અને શક્તિ-૨



જેઓ બીજાઓને દોષ દે છે - અને અફસોસની વાત અ છે કે તેવાઓની સંખ્યા રોજેરોજ વધ્યે જાય છે - તેઓના મગજ નબળા પડી જાય છે; તેઓ સાધારણ રીતે દુખી થાય છે. તેઓ પોતાની જ ભુલોથી એ દશાએ પહોંચ્યા હોય છે, છતાં દોષનો ટોપલો બીજાઓને માથે ઢોળે છે. પણ એથી કાંઈ તેમની દશા બદલાતી નથી; એથી તેમને કંઈ લાભ પણ થતો નથી. બીજાઓ ઉપર દોષ ઢોળવાનો તેમનો પ્રયાસ ઊલટો તેમને વધુ નબળા બનાવે છે. માટે તમારા પોતાના જ દોષને માટે અન્ય કોઈનો વાંક કાઢો નહીં. તમારા પોતાના પગ પર ખડા રહો. બધી જવાબદારી પોતાના માથે લો. એમ બોલો કે, 'જે દુખ હું ભોગવું છું તે મારી પોતાની જ કરણીનું ફળ છે, અને એ હકીકત પોતે જ બતાવે છે કે એનો ઉપાય મારે એકલાએ જ કરવો પડશે.' જે આપણે સર્જ્યું તેનો નાશ આપણે કરી શકીએ, પણ જે બીજાની કૃતિ હોય તેનો આપણાથી કદી નાશ કરી શકાય નહીં. માટે ખડા થાઓ, હિંમતવાન બનો, તાકાતવાન થાઓ.

જે કાંઈ શક્તિ અને સહાય આપણે જોઈએ તે આપણી પોતાની અંદર જ છે. માટે આપણું ભાવિ આપણે પોતે જ ઘડીએ. ગઈ ગુજરીને યાદ કરવાની જરૂર નથી. આપણી સામે અનંત ભાવિ પડ્યું છે, હંમેશા યાદ રાખજો કે જે દરેક શબ્દ આપણે ઉચ્ચારીએ, જે દરેક વિચાર આપણે સેવીએ અને જે દરેક કાર્ય આપણે કરીએ તે આપણા માટે સંસ્કારનું ભંડોળ ભેગું કરે છે. વળી, જેમ ખોટાં વિચારો અને ખોટાં કાર્યો આપણી ઉપર વાઘની જેમ તરાપ મારવા તૈયાર હોય છે, તેમ જ બીજે પક્ષે પ્રેરક આશાનાં કિરણો પણ છે કે સુવિચારો અને સત્કાર્યો આપણઓ બચાવ કરવા સહસ્ત્ર દેવતાઓની શક્તિથી સદા સર્વદા માટે તત્પર હોય છે. નબળાઈનું ચિંતન કર્યા કરવું એ નબળાઈ દૂર કરવાનો ઉપાય નથી. પરંતુ શક્તિનું ચિંતન કરવું એ તેનો ઉપાય છે. મનુષ્યની અંદર વિદ્યમાન જે શક્તિ રહેલી છે તે તરફ તેને સભાન બનાવો. તમે પાપી છો એમ કહેવાને બદલે તેને કહો, 'તમે પવિત્ર અને પૂર્ણ છો, જેને આપણે પાપ કહીએ છીએ તે આપણામાં નથી.' પાપ એ આત્માની અભિવ્યક્તિની નિમ્ન કક્ષા છે. આપણા આત્માને ઉચ્ચ સ્તરે, કક્ષાએ અભિવ્યક્ત કરો. કદી એમ ન કહો કે આ હું ન કરી શકું. કારણ કે આપણે અનંત છીએ. આપણી પ્રકૃતિની તુલનામાં દેશ-કાળ કંઈ વિસાતમાં નથી. આપણે સર્વ કંઈ કરી શકીએ. કારણ કે આપણે સર્વશક્તિમાન છીએ. આ શક્તિનો સંદેશ સ્વામીજી પ્રબોધિત છે, વેદાંત પ્રબોધિત છે.

સામર્થ્ય એ શક્તિ છે, નિર્બળતા એ પાપ છે, મૃત્યુ છે. ઉપનિષદોમાંથી બોમ્બની જેમ નીકળતો અને અજ્ઞાનના સમૂહ પર ધડાકાભેર પડતો જો કોઈ એક શબ્દ દેખાતો હોય તો તે છે 'અભી:' - નિર્ભયતા, શિખવા જેવો ધર્મ આ છે, તે નિર્ભયતાનો ધર્મ છે. વ્યાવહારિક કે ધાર્મિક જગતમાં એ સાચું છે કે ભય એ જ અધ:પતન અને પાપનું મુખ્ય કારણ છે. દુખનો જનક ભય છે. અનિષ્ટ અને મૃત્યુ ભયના કારણે છે. ભયનો કોણ ઉત્પન્ન કરે છે ? આપણા સ્વસ્વરૂપનું અજ્ઞાન.

માનવજાતને નિર્બળ બનાવે તેવા વિચારો અને શબ્દોની જરૂર નથી. બધાં પાપ અને અનિષ્ટો નબળાઈમાંથી નિષ્પન્ન થાય છે. બધાં દુષ્ટકર્મો, સ્વાર્થોનું મૂળ નિર્બળતા છે. બીજાને નુકસાન કરવાની પ્રેરણા આપે છે નિર્બળતા. આપણે સામર્થ્યની સાધના આજથી જ શરૂ કરીએ. એક રાષ્ટ્ર તરીકે આપણને નિર્બળ બનાવે એવી અનેક વસ્તુઓ છેલ્લાં એક હજાર વરસથી આપણામાં આવી છે. એવું જણાય છે કે જાણે એ સમય દરમિયાન આપણા રાષ્ટ્રીય જીવનની નજર સમક્ષ એક જ ધ્યેય હતું કે આપણે વધુ ને વધુ નબળા કેમ બનીએ ! એટલા માટે સ્વામીજી કહે છે, 'મારા મિત્રો, તમારા એક સગાભાઈ તરીકે જીવન અને મૃત્યુમાં તમારા સાથી તરીકે હું તમને કહેવા માગું છું કે આપણે સામર્થ્ય, સામર્થ્ય અને સામર્થ્ય જ જોઈએ !'

## રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતિઓ માટે ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર યોજાશે

### અરજી કરવાની અંતિમ તા. ૨૦-૯-૨૦૧૨

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતિઓ માટે પ્રાદેશિક કક્ષાની ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર ૨૦૧૨-૧૩ આગામી સપ્ટેમ્બર-ઓકટોબર દરમિયાન યોજવામાં આવશે.

ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતિઓએ તા. ૨૦-૯-૨૦૧૨ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીને પોતાના સ્વહસ્તાક્ષરમાં અરજી કરવાની રહેશે. અરજીમાં પોતાનું પુરું નામ, સરનામું, જન્મતારીખ (જન્મતારીખનું પ્રમાણપત્ર), ઉંમર (વર્ષ, માસ, દિવસ) શૈક્ષણિક લાયકાત (પુરાવા સાથે), વિશેષ લાયકાત, નોકરી-ધંધાની પસંદગીનો પ્રકાર, રોજગાર વિનિમય કચેરીનો નોંધણી નંબર, તારીખ અને તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે મોકલવાની રહેશે. વધુમાં અમદાવાદ પ્રદેશમાં આવતા મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, આણંદ ગાંધીનગર અને કચ્છના યુવક-યુવતિઓએ જિલ્લા રમતગમત અધિકારી, સરદાર પટેલ ભવન, રૂમ નં.૩, બ્લોક-ડી, પ્રથમ માળ, નડીયાદ, ખેડા-૩૮૭૦૦૧, રાજકોટ પ્રદેશમાં આવતા ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદરના યુવક-યુવતિઓએ જિલ્લા રમતગમત અધિકારી, બ્લોક નં.૧, ત્રીજો માળ, સરદાર બાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧ અને વડોદરા પ્રદેશમાં આવતા સુરત, વલસાડ, નવસારી, તાપી, ભરૂચ, નર્મદા, ડાંગ, વડોદરા, પંચમહાલ અને દાહોદના યુવક-યુવતિઓએ જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, રૂમ નં. ૩૬/૩૭, ગોધરાને અરજી મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે નડીયાદ ૦૨૬૮-૨૫૫૧૨૯, જૂનાગઢ ૦૨૮૫-૨૬૩૦૪૯૦ અને ગોધરા ૦૨૬૭૨-૨૪૧૪૮૧ પર સંપર્ક કરી શકાશે. અગાઉ શિબિરમાં ભાગ લીધો હોય તેમને અરજી કરવી નહીં તેમ યાદીમાં જણાવાયું છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા નેચર ટ્રેઈલ યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ઈકો કલબના બાળકો માટે વનશ્રી ટ્રસ્ટ દ્વારા નેચર ટ્રેઈલ યોજાઈ હતી. શાળાના ઈકો કલબના ૬૦ બાળકોએ નેચર ટ્રેઈલમાં ભાગ લીધો હતો. મહાવીર નિમાવત દ્વારા ટ્રેકિંગ અને વનસ્પતિ, પર્યાવરણ જતનની માહિતી આપવામાં આવી હતી. સરકારે નિયુકત કરેલા ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા ડીએનએ કલબ અને પર્યાવરણીય કવીઝ કરાવવામાં આવી હતી. વિજેતા થયેલા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજન સ્કૂલના ઈકો કલબ ઈન્ચાર્જ સરોજબેન ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા સિસ્ટર જોસ્ફીન અને યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત દ્વારા બાળકોને બાળકોને ઉત્સાહિત કર્યા હતાં.

## ફ્રી બર્ડ્સ ગૃપના સભ્યો આજે ભલે ફ્રી હોય - એમની વચ્ચેનું 'ગૃપ'પણું હજુ અકબંધ છે !

### મોહંમદહબીબ શેખ નામના કૉલેજના જ એક વિદ્યાર્થીએ કૉલેજમાંથી જ વિવિધ કલાઓના જાણકાર થોડા વિદ્યાર્થીઓ શોધી કાઢ્યા અને એ સૌની એક બેઠક બોલાવી એક સંગઠન બનાવવાનો પ્રસ્તાવ મૂક્યા

**સંબંધ સજાવે જિંદગી**

**થેંક્યુ મમ્મી-પપ્પા**

- પોપટલાલ એસ પ્રજાપતિ

gsrelation@yahoo.com

૧૫ વર્ષ પહેલાંનો સમય. ગાંધીનગર આર્ટ્સ કૉલેજનું કૅમ્પસ. પાર્કિંગ પ્લેસમાં કેટલાક વિદ્યાર્થીઓ ગોળાકારે બેઠા હતા. સૌનાં ધોરણ અસમાન હતાં પણ સૌમાં એક વાત સામાન્ય હતી - એ સૌ કલાકારો હતા. કોઈ ગાયક હતું, કોઈ વાદક હતું, કોઈ ડાન્સર હતું તો કોઈ ઍક્ટર હતું. હા, ડાન્સર્સની સંખ્યા એમાં વધારે ખરી.

આ મિટીંગ બોલાવી હતી મોહંમદહબીબ શેખ નામના કૉલેજના જ એક વિદ્યાર્થીએ. કૉલેજમાંથી જ વિવિધ કલાઓના જાણકાર થોડા વિદ્યાર્થીઓ એણે શોધી કાઢ્યા અને એ સૌની એક બેઠક બોલાવી એક સંગઠન બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. પ્રસ્તાવ સૌને ગમ્યો પણ ખરો ને એમાંથી 'ફ્રી બર્ડ્સ ગૃપ'ની સ્થાપના થઈ. આ ગૃપે સ્વતંત્ર રીતે અને અન્ય સંસ્થાઓના સહયોગથી અથવા અન્ય સંસ્થાઓના બેનર તળે પણ ન માત્ર ગાંધીનગર ટાઉનહૉલમાં પરંતુ, ગાંધીનગર આર્ટ્સ કૉલેજના ઍન્યુઅલ ફંક્શન્સમાં અને ગુજરાત યુનિવર્સિટીના યુથ ફેસ્ટીવલ્સમાં પણ નૃત્ય અને સંગીતના સુંદર કાર્યક્રમો આપ્યા. કૉલેજમાં પ્રૉ. એમ વી પરમારનું સુંદર માર્ગદર્શન એમને નાટકોમાં ભાગ લેવા માટે પ્રેરતું ને વર્ગખંડનો સમય પૂર્ણ થયા પછી મારી સાથે એ કલાકારો કામ કરવા લાગતા.

એ ટીમમાં જિજ્ઞેશ રાવલ, વિપુલ પ્રજાપતિ, જયદીપ ઉપલા, ચંપક વાઘેલા, દીપક પારકર, ચંદ્રિકા મંડલી, સંગીતા મંડલી, કિરણ બેનર્જી, નિરલ શર્મા, ભવ્ય રાવલ, જિજ્ઞેશ શુક્લ વગેરે મુખ્ય કલાકારો. એ ટીમમાં નાટક હેતુ મેઘા ખમાર, જિજ્ઞા શાહ, શ્વેતલ ત્રિવેદી વગેરે ભળ્યા ને નાટ્યની નિયમિત પ્રવૃત્તિ થવા લાગી.

આ જ ટીમે મારા નિર્દેશનમાં 'પરણેતર' અને શંકર ગુમાનેના નિર્દેશનમાં 'બુધન' નાટક રજૂ કરીને જિલ્લા યુવા મહોત્સવમાં સળંગ બે વર્ષ વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. એ ઉપરાંત એકપાત્રીય અભિનય, પાદપૂર્તિ, રંગોળી, કાવ્ય લેખન જેવી સ્પર્ધાઓમાંય ફ્રી બર્ડ્સ ગૃપ ઝળક્યું હતું. યુવા મહોત્સવ પછીય કલા સાધના ચાલુ જ રહી. સરવાળે પ્રવૃત્તિઓનો ધમધમાટ રહ્યો.

પ્રવૃત્તિઓની એવી સુંદર ટેવ પડી ને કલાનો એવો સંગ લાગ્યો કે સૌ એ ક્ષેત્રમાં ટકી રહ્યા. આજે ભવ્ય રાવલ પોતાના સંગીત તાલીમ કલાસ ચલાવી રહ્યા છે ને લાઈવ કોન્સર્ટથી માંડીને ફિલ્મી સંગીતમાં એ પાવરધા છે, પોતાનું યોગદાન આપી રહ્યા છે. જિજ્ઞેશ રાવલ 'ગ્રો' નામે પોતાની એક સેવા સંસ્થા ને 'સંવેદન' નામે એક સ્પેશિયલ સ્કૂલ ચલાવી રહ્યા છે. વિપુલ પ્રજાપતિ ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં આરોગ્ય વિભાગના કર્મચારી છે ને સાથે એક કલા સંસ્થા- બ્લ્યૂ બબલ્સ તથા એક સેવા સંસ્થા-જી ઈ કલબમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે, જેમાં ચંપક, જિજ્ઞેશ ને જયદીપ પણ સભ્ય ખરા.

મંડલી સિસ્ટર્સ પૈકીની સૌથી નાની બહેન સંગીતા મંડલીએ ડાયરા અને પાર્શ્વગાયકીમાં પોતાનું નામ ઘણું બૂલંદ કરી લીધું છે. એના અવાજમાં રૅકર્ડ થયેલાં ગુજરાતી-રાજસ્થાની ગીતોની પસીસેક ઑડિયો કૅસેટ્સ પણ બજારમાં ફરતી થઈ ગઈ છે. જિજ્ઞેશ શુક્લ ડાયરાઓથી આગળ વધીને ડીજે બની ચૂક્યા છે અને વર્ષભર સંગીતના કાર્યક્રમોમાં બીઝી રહે છે.

નવરાત્રી દરમ્યાન અનેક ઈનામો પ્રાપ્ત કરનાર નિરલ શર્મા, જયદીપ ઉપલા અને દીપક પારકર આજેય ડાન્સમાં પ્રવૃત્ત છે. જયદીપ-ચંપક-દીપક દ્વારા શરૂ કરવામાં આવેલું ફોરમોસ્ટ ગૃપ વર્ષભર ડાન્સની તાલીમ કલારસિકોને આપે છે ને નવા કલાકારોને સ્ટેજ પણ પુરું પાડે છે. એ ઉપરાંત, સ્કૂલ ઑફ ઍચિવર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમીમાં નિયમિત ડાન્સ ટીચર તરીકે પણ જયદીપ ઉપલા પોતાની નિષ્ણાત સેવાઓ આપી રહ્યા છે.

જાણવા જેવી વાત એ છે કે સૌને એક કરનાર મોહંમદહબીબ શેખ આજે કૉર્પોરેટ સૅક્ટરમાં કામ કરી રહ્યા છે ને પોતાની વ્યસ્તતાને કારણે કલાના ક્ષેત્રમાં સૌથી ઓછું યોગદાન આપી શકે છે. અલબત્ત, મિત્રોના કાર્યક્રમ હોય ત્યારે પ્રોત્સાહન અને પીઠબળ આપવા માટે અચૂક હાજર રહે છે.

કલાના કારણ સાથે એકત્ર થયેલા આ સૌ કલાકારો આજે પોતપોતાની કલાના ક્ષેત્રમાં પોતપોતાની સંસ્થાના નામે પ્રવૃત્ત છે. સૌના નામની સંસ્થાઓ ભેગી કરીએ તો સાતેક સંસ્થાઓ તો થાય જ, જે દરેકનું પોતાનું આગવું નામ છે. સૌએ સાથે મળીને કાર્યક્રમ આપ્યાને જમાનો વીતી ગયો. પણ હા, સૌએ એકમેક સાથે સ્નેહનો નાતો એમ ને એમ જોડી રાખ્યો છે. મૂળ ફ્રી બર્ડ્સ ગૃપના સભ્યો આજે ભલે ફ્રી હોય - એમની વચ્ચેનું 'ગૃપ'પણું હજુ અકબંધ છે !